ગાંધીનગર સમાચાર

શહેરના ચ-૩ સર્કલ આસપાસ
કાયમી ધોરણે આઇ લેન બનાવાશે

# જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખે કાર્યભાર સંભાળ્યો





## કૃષિ વિકાસ થકી જિલ્લાનું આર્થિક વ્યવસ્થાપન મજબૂત બનાવીશું : રામાજી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લો કૃષિ અને પશુપાલનને વરેલો છે અને તેથી કૃષિ અને પશુપાલનના વિકાસ માટે સૌથી વધુ અગ્રતા જિલ્લા પંચાયત આપશે તેમ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળતાં શ્રી રામાજી ઠાકોરે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો અને પશુપાલકોના મિત્ર બની તમામ સભ્યો અર્થતંત્રને વધુ મજબૂત કેવી રીતે બનાવી શકાય તે દિશામાં કામગીરી કરશે.

વધુમાં નવનિયુક્ત પ્રમુખશ્રી રામાજી ઠાકોર અને ઉપપ્રમુખશ્રી ભરતભાઈ પટેલ દ્વારા કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને સ્વ ભંડોળનાં ફંડ થકી જિલ્લાના ચારેય તાલુકામાં વિકાસ કાર્યો કરી પ્રજાકીય પ્રશ્નોને સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવાની નેમ સાથે જિલ્લા પંચાયતનો સૂચારૂ વહીવટ અને સુશાસન આપવાનો

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૭મા પ્રમુખ તરીકે શ્રી રામાજી ઠાકોર અને ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે વડીલ વંદના અને ભક્તિ-પૂજાના અદ્‌ભૂત અને ખુશખુશાલ વાતાવરણમાં હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો.

કલોલ તાલુકામાંથી આવતા આ બંને પ્રતિનિધિઓએ પંચાયતની તવારીખમાં પહેલીવાર ચાર્જ સંભાળ્યો હોવાથી કલોલ પંથકમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. જિલ્લામાં કલોલ-માણસા અને દહેગામ તાલુકાને ભેળવ્યા બાદ કલોલને પ્રથમવાર એક સાથે બે મહત્ત્વના હોદ્દા મળ્યા છે.

શ્રી રામાજી ઠાકોર ૧૯૭૬થી રચાયેલ જિલ્લા પંચાયતના બીજા ઠાકોર પ્રમુખ છે. જયારે બે ઠાકોર સમાજના પ્રતિનિધિઓએ ઈન્ચાર્જ પ્રમુખ તરીકેના ચાર્જ સંભાળ્યા છે. જેમાં પાંચ વખત શ્રી પ્રહલાદજી ઠાકોરે ઈન્ચાર્જ પ્રમુખનો સાર્જ સંભાળ્યો છે જે એક વિક્રમ છે. આ ઉપરાંત ભીખીબેન ભરતજી ઠાકોરે પણ બે મહિના સુધી પ્રમુખનો ચાર્જ સંભાળ્યો છે.

સમગ્ર રાજયમાં જનઆશીર્વાદથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સત્તા હાંસલ કરનાર કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા કોંગ્રેસ પક્ષના ૧૩૧મા તેમજ કોંગ્રેસ સેવાદળના ૯૧મા સ્થાપના દિને કાર્યભાર સંભાળ્યો હતો. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા પંચાયતના નવનિર્વાચિત પ્રમુખશ્રી રામાજી ઠાકોર અને ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ દ્વારા જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રીશ્રી નીશીતભાઈ વ્યાસ, પ્રદેશ નિરિક્ષકો સર્વશ્રી બળદેવભાઈ લૂણી અને રમીલાબેન દેસાઈ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ પ્રમુખો સર્વ શ્રી જશુભા રાણા, ડૉ. સી. જે. ચાવડા, ધારાસભ્યો સર્વ શ્રી અમિતભાઈ ચૌધરી, બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ તથા સોનલબેન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સહિત ચાર જિલ્લાનાં નબળાં પરિણામ અંગે મુખ્યમંત્રીની તીખી ટકોર

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સહિત રાજયના ચાર જિલ્લાઓમાં ચોથા ગુણોત્સવની તુલનામાં પાંચમા ગુણોત્સવનું પરિણામ રાજયની સરેરાશ કરતાં પણ નબળું આવ્યુ છે તે ચિંતાનો વિષય છે અને જિલ્લાના અધિકારીઓ આ બાબતે ખાસ લક્ષ આપે તેવી તીખી ટકોર નારાજગી સાથે રાજયનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કરી હતી.

આજે યોજાયેલ માર્ગદર્શન ચિંતન શિબિરમાં આ નારાજગી વ્યક્ત કરી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે નબળી શાળાઓ સાથે 'એ-બી' ગ્રેડ પ્રાપ્ત થયેલી શાળાના શિક્ષક પરિવાર સાથે અનુભવનું આદાન-પ્રદાન કરી શિક્ષણ ગુણવત્તા સુધારણા યજ્ઞના સંવાહક બને તે જરુરી છે.

તેમણે શિક્ષણ ગુણવત્તા સહિત શાળા સ્વચ્છતા-સેનિટેશન વ્યવસ્થા, બાળકની વ્યકિતગત સ્વચ્છતા અને રમત-ગમત, વાંચન ઈતર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરે બાબતોમાં પણ માત્ર ગુણોત્સવ દરમ્યાન જ નહીં સમગ્રતયા કૌશલ્ય નિખાર માટે જે શાળાઓ A અને B ગ્રેડમાં આવે છે તેના શિક્ષકો-આચાર્યો C-D ગ્રેડની શાળાના શિક્ષકો-આચાર્યો સાથે અનુભવોનું આદાન-પ્રદાન કરી સર્વગ્રાહી શિક્ષણ ગુણવત્તા સુધારણા માટેનું વાતાવરણ બનાવે તેવી અપીલ પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સરહદી વિસ્તારોની ગ્રામીણ શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટને મળેલી સફળતા, વ્યસનમુકિત કુરિવાજો માટે સમાજ જાગૃતિમાં આ બાળકોનું સક્રિય યોગદાન અને વિવિધ પ્રવૃતિઓમાં બાળકોની સહભાગીતાથી જે સારાં પરિણામો પ્રાપ્ત થયા છે તેના અનેકાનેક દૃષ્ટાંતો આપ્યા હતા.

આ વર્ષના ગુણોત્સવમાં શાળાકીય શિક્ષણનું મૂલ્યાંકન ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓ, રસ્તા, પાણી, શૌચાલય સંકુલો, શાળા ઓરડા જેવી માળખાકીય સુવિધાઓ અને ગ્રામીણ વિસ્તારોની જનસમસ્યાઓના સુચારૂ નિવારણ માટે જે તે ગામની મુલાકાત લેનારા અધિકારીઓ ગુણોત્સવ બાદ ગ્રામસભાનું આયોજન કરીને ગ્રામજનો-નાગરિકો પાસેથી માહિતી-રજૂઆતો મેળવે તેવો નવતર પ્રયોગ હાથ ધરવાનું સુઆયોજિત માર્ગદર્શન મુખ્યમંત્રીએ આપ્યુ હતું.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે આવી મળેલી રજૂઆતો ગુણોત્સવ બાદ શિક્ષણ વિભાગ સંબંધિત વિભાગોને ત્વરાએ પહોચાડે અને મુખ્ય સચિવ કક્ષાએથી આ રજૂઆતોના સમયાવધિમાં નિવારણની સમીક્ષા-મોનિટરીંગ થાય તે આવશ્યક છે.

શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દેશના વિકાસનો માપદંડ શિક્ષણ સંસ્કાર છે તેમ સ્પષ્ટપણે જણાવતાં કહયું કે, આપણી શિક્ષણ પ્રથા બાળકના એકાંગી વિકાસ નહિં, સર્વાંગી વિકાસની હોય તે આવશ્યક છે.

# ગુડા દ્વારા સાઈકલ શૅરીંગ પ્રૉજેક્ટ માટે સ્ટેન્ડ મૂકાયાં



ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ગુડા દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેકટ અમલી બનાવવા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુડા દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેકટ માટે વિવિધ ૧૦ ઠેકાણે સ્ટેન્ડ ઉભા કરવાનુ અયોજન છે. ત્યારે આજે શહેરના સ્વર્ણિમ પાર્ક સહીતના વિસ્તારમાં સ્ટેન્ડ મુકવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરી વિસ્તાર સત્તા મંડળ દ્વારા શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરવા ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુડા દ્વારા ૧૦ હજારની કિંમતની એક તેવી અદ્યતન સાઈકલો મુકવામાં આવશે. જયારે આમ નાગરિકો માટે આ પ્રોજેકટ લોકભોગ્ય બને તેવા આશયથી વિવિધ પબ્લિક પ્લેસ પર સાઈકલ સ્ટેન્ડ મુકવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા આજે નગરના વિવિધ ઠેકાણે સાઈકલ રાખવાની વ્યવસ્થા માટે સ્ટેન્ડ મુકવાનુ શરૂ કરવામાં આવ્યુ હતુ. શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાંપણ સ્વર્ણિમ પાર્કના સાઈકલ ટ્રેકને અનુલક્ષી સ્ટેન્ડ મુકવામાં આવ્યુ હતુ.




શહેરનાં સર્કલ્સની વારાફરથી મરામત થતી જ રહે છે. કોઈ ને કોઈ કારણોસર સર્કલ્સ તૂટતાં જાય છે અને ક્યારેક ખરાબ લાગે એવી સ્થિતિ નિર્માણ પામે છે. જન ફરિયાદોના પગલે સર્કલ્સની મરામત વિલંબથી પણ થાય છે. પ્રસ્તુત તસવીરમાં ખ-૫ સર્કલની મરામત થઈ રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

**છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ**

**સ્વ. શ્રી તુલસીદાસ ઉગરચંદ પરમારને શ્રદ્ધાંજલિ**

: જન્મ તારીખ : ૪-૬-૧૯૦૯



: અવસાન તારીખ : ૨૯-૧૨-૨૦૦૯

● શતાયુ ઉજવણી તા. ૪-૧૦-૨૦૦૯ ●

**સૌજન્ય**

સોમભાઈ દાનાભાઈ પરમાર | ડૉ. કનુભાઈ વિશરામભાઈ પરમાર
સુનિતાબેન એસ. પરમાર | ઉદિતાબેન કનુભાઈ પરમાર
ઉદયકુમાર તુલસીદાસ પરમાર | કમલેશકુમાર તુલસીદાસ પરમાર
લલીતાબેન ઉદયકુમાર પરમાર | ભાવનાબેન કમલેશકુમાર પરમાર

કુંદનલાલ સોમાભાઈ પરમાર (મેનેજર, બી.ઓ.આઈ.)
કૌશિકકુમાર સોમાભાઈ પરમાર (ચીફ એન્જિનિયર, પ્રોડક્શન, ઓએનજીસી)

**તથા સમસ્ત પરમાર પરિવાર**

'અનુરાગ', પ્લોટ-૧૮૮, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૪૮૪૮૫, મો. : ૯૪૦૮૨ ૨૯૪૪૮

# ભાજપ પક્ષવિરોધી પ્રવૃત્તિ સામે લાલઘૂમ



અમદાવાદ, તા.૨૮

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આજે મળેલી ભાજપની પ્રદેશ હોદ્દેદારોની બેઠક તથા પ્રદેશ બેઠકમાં ફરી એકવાર તાલુકા જિલ્લા સ્તરથી પ્રદેશ સંગઠન સંરચનાને કાર્યક્રમને બહાલી આપવામાં આવી હતી. સંગઠન સંરચનાના હતા. નવા સમય પત્રક મુજબ ભાજપના નવા પ્રદેશ પ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા તા. ૨૧મી જાન્યુઆરી બાદ હાથ ધરવામાં આવશે અને સંભવત નવા પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત પણ જાન્યુઆરીના અંત સુધીમાં થઈ જશે. ભાજપના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ, પ્રદેશ પ્રભારી ડાં. દિનેશ શર્મા, રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરષોત્તમ રૂપાલા આગેવાનોની હાજરીમાં આજે બપોરે બે અલગ અલગ બેઠકો યોજાઈ હતી. જેમાં સર્વપ્રથમ પ્રદેશ હોદ્દેદારોની તથા ત્યારબાદ મોડી સાંજે પ્રદેશ બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદો, ધારાસભ્યો, જિલ્લા તાલુકા પંચાયતના પ્રમુખો, મહામંત્રીઓ બોર્ડ નિગમના ચેરમેન, મોરચાના પ્રમુખે સહિત લગભગ ૫૦૦થી વધુ અગ્રણીઓએ હાજરી આપી હતી. આ બેઠકમાં સર્વ પ્રથમ તાજેતરની ચૂંટણીમાં ખાસ કરીને ગ્રામ્ય સ્તરે ભાજપની હારનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને ચૂંટણી સમીક્ષા પણ કરવામાં આવી હતી. પાટીદાર આંદોલનને કારણે આંદોલનના પ્રભાવમાં સ્તરીને કેટલાંક લોકોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ તથા બળવો કરી પક્ષને કરાવવાનું કામ કર્યું હોવાનું મુખ્યત્વે ધ્યાન પર આવતા પણ પૈકી ધણા લોકોને અગાઉ પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે અને જે બાકી રહ્યા છે તેવા તમામ લોકોને પણ પક્ષમાંથી વહેલી તકે સસ્પેન્ડ કરી દેવાનો આ બેઠકમાં આકરો નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં વર્ષ ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષને વધુ મજબુત કરવા તથા જનમાનરામાં ભાજપનો પ્રભાવ વધારી શકે તેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાની ચૂંટણીકમી રણનિતી પણ તૈયાર કરવામાં આવી હતી. સ્થાનિક ચૂંટણીઓને કારણે મુલત્વી રખાયેલી પ્રદેશ સંગઠન સંરચનાની કામગીરીને આગળ ધપાવવાનો સમયપત્રક પણ જાહેર કરવામાં આવ્યો હતો.

# શહેરના ચ-ઉ સર્કલ આસપાસ કાયમી ધોરણે આઈ લેન બનાવાશે

ગાંધીનગર તા ૨૮

શહેરના સર્કલો માર્ગ સલામતીની દૃષ્ટીએ જોખમી બન્યા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ચ-ઉ સર્કલ પર વાહનો પ્લટી ખાઈ જતા હોવાના બનાવો ધ્યાને લઈ તંત્ર દ્વારા ત્રણ મહીના પુર્વે ટ્રાફિક આઈલેન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રયોગિક ધોરણે સેન્ટ્રલ વર્જના ખુંણાને વાઈડ કરાયા બાદ લાંબા સમયના અંતે એકપણ અકસ્માત ન થયો હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા કાયમી ધોરણે સર્કલની બન્ને બાજુ આઈલેન બનાવવાનુ કામ આખરી કરી દેવાશે. શહેરના સર્કલોને નવા નામાભિધાન આપી દેવામાં આવ્યા છે. જયારે સર્કલોને વિવિધ થીમ આધારીત વિકસાવવામાં આવ્યા છે. સર્કલો નગરની આગવી ઓળખ બની ગયા છે. ત્યારે શહેરના સર્કલો પર વાહનો પલ્ટી ખાવાના બનાવો બનતા હોવાના બનાવો બનતા તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચ-ઉ સર્કલ પર રાત્રિના સમયે વાહનો પલ્ટી ખાઈ જતા વારંવાર અકસ્માતો સર્જાતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. રાત્રિના સમયે વાહનચાલકોને વિઝન ન મળતા સર્કલ પાસે વાહનો પલ્ટી મારી જતા હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. આવા સંજોગોમાં અકસ્માતો નિવારવાનુ તંત્ર માટે ચેલેન્જરૂપ બન્યુ હતુ. એક તબક્કે સર્કલને નાનુ કરવા પણ નિર્ણય લેવાયો હતો. ત્યારબાદ સર્કલ આસપાસના સેન્ટ્રલ વર્જને પહોળો કરવા નિર્ણય લેવાયો હતો. જયારે આ પ્રાયોગિક વ્યવસ્થા માર્ગ સલામતીની દ્રષ્ટીએ સાનુકુળ નિવડે તો કાયમી આઈલેન બનાવવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જો કે ત્રણ મહીનાથી વધુ સમયના અંતે પણ પ્રાયોગિક વ્યવસ્થા મુજબ સર્કલ પર કોઈ અકસ્માત ન થયો હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા આ ઠેકાણે કાયમી આઈલેન બનાવવા નિર્ણય લેવાયો છે. ટુંક સમયમાં આ અંગે કામ શરૂ કરી દેવામાં આવશે.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## વૉક ઈન ઈન્ટરવ્યુ

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત RNTCP પ્રોગ્રામ અંતર્ગત તદન હંગામી ધોરણે કરાર આધારીત એક વર્ષના સમય માટે માસિક ફિક્સ મહેનતાણાથી નીચે જણાવ્યા મુજબ જગ્યા ભરવા માટે તા. ૫/૧/૨૦૧૬ના રોજ નીચેના સ્થળે અને સમયે નીચે મુજબની જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વૉક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે.

| No. | Category/ Job Title | Essential Qualification/ Requirements | Preferential Qualification |
|---|---|---|---|
| 1. | Medical Officer (RNTCP), Medical College (GMERS) Gandhinagar (Salary : Rs. 40000/- P.M.) | 1. MBBS or equivalent degree from institution recognized by Medical Council of India; Must have completed rotatory internship | 1. Diploma / MD Public Health/ PSM/Community Medicine/ CHA/Tuberculosis & Chest Diseases 2. One year experience in RNTCP 3. Basic knoledge of Computer |

**ઈન્ટરવ્યુનું સ્થળ : માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ચેમ્બર, જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર**
**તારીખ : ૫/૧/૨૦૧૬, મંગળવાર ● સમય : ૧૧-૦૦ થી ૨-૦૦ કલાક**

નોંધ : (૧) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.
(૨) ઈન્ટરવ્યુના સમયે જરૂરી અસલ પ્રમાણપત્રો તથા પ્રામાણિત કરેલ નકલો તથા તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે હાજર રહેવાનું રહેશે.

સભ્ય સચિવ/જિલ્લા ક્ષય અધિકારી
જિલ્લા આરોગ્ય સોસાયટી (ટીબી)
ગાંધીનગર

ચેરમેન/મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા આરોગ્ય સોસાયટી (ટીબી)
ગાંધીનગર




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com